આષાઢી બીજનાં વરસાદી વધામણાં

તંત્રીસ્થાનેથી...

આષાઢ બેસી ગયો છે. હવે ગાંધીનગરમાં વસતા કોઈ કાલિદાસને કે યત્રને એની પ્રેમિકા પર સંદેશો મોકલવો હોય તો મેઘરાજા દૂતકર્મ કરવા તૈયાર છે. ઘણી રાહ જોવડાવ્યા પછી એમણે પાટનગરમાં પધરામણી કરી છે. વિક્રમજનક ગરમી પછી અમી છાંટણાં થાય ત્યારે એ ખૂબ વહાલાં લાગતાં હોય છે. આ વખતનું ચોમાસું સારું નીવડાવાની આગાહી તો હવામાના ખાતાએ કયારનીય કરી રાખેલી છે. સો ટકા નહીં, એકસો ને છ ટકા વરસાદ પડવાનો છે. ગુજરાત અનેક દુષ્કાળ જોઈ ચૂક્યું છે અને અતિવૃષ્ટિથી થયેલ નુકશાન પણ વેઠી ચૂક્યું છે. પરંતુ ઉત્તરાખંડ જેવી વરસોવરસની ત્રાસદીથી કુદરતે એને મુક્ત રાખ્યું છે. આ વખતે પણ પહેલા જ વરસાદમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો અને અમરેથી પંથકથી લઈ દક્ષિણ ગુજરાત જળબંબાકાર થઈ ગયું છે. જયાં કયારેય વધુ વરસાદ નથી પડતો એવા પંચમહાલમાં પણ રેસ્ક્યુ ઑપરેશન કરવાં પડે એવી સ્થિતિ સરજાઈ છે. આષાઢ માત્ર વર્ષાઋતુનો ઓપનિંગ બેટ્સમેન છે એવું થોડું કહી શકાશે? એ ઉત્સવોનો ઉદ્‌ઘાટક છે. આષાઢી બીજ આખા દેશનો પવિત્ર ઉત્સવ છે. રથયાત્રાને લીધે એનું મહત્ત્વ વધી ગયું છે તે વળી જુદી બાબત છે, નહીંતર મૂળભૂત સ્વરુપે તો એ કૃષિનો મહોત્સવ છે. કચ્છમાં અને હાલાર (જામનગર) પંથકમાં આષાઢી બીજથી નવું વરસ બેસે છે. આપણે દિવાળી પછી બેસતું વરસ ઊજવીએ છીએ એમ કચ્છી માડુ આષાઢી બીજના દિવસે નવા વરસની પરંપરાગત ઉજવણી કરે છે. દેશવટો પામેલો લાખો ભુલાણી તે દિવસે કચ્છમાં પાછો ફર્યો હતો. આ લાખો ફુલાણી કચ્છનો લોકનાયક બલકે સ્થાન દેવતા છે. કચ્છના ઈતિહાસમાં એનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે. પરંતુ આપણે બધા તો ભગવાન જગન્નાથની રથયાત્રાના પર્વ તરીકે જે આષાઢી બીજની ઉજવણી કરીએ છીએ. જગન્નાથ પુરીમાં ભગવાન એણના જયેષ્ઠબંધુ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરયાત્રાએ નીકળે છે તે મહોત્સવ વિશ્વના સૌથી મોટા મહોત્સવોમાં શુમાર થયેલો છે. પુરીના અનુકરણમાં ગુજરાતના મુખ્ય નગર અમદાવાદમાં શરૂ થયેલી રથયાત્રા હવે તો એકેએક ગુજરાતીના લોહીનો લય બની ચૂકી છે. કોઈ શહેર કે કસબો એવો નહીં હોય જયાં નાની-મોટી રથયાત્રા ન નીકળતી હોય. રથયાત્રાના અધિષ્ઠાતા દેવ શ્રીકૃષ્ણ છે. અહીં એમના પૈતૃક પરિવારની જ કથા છે, રાસલીલા નથી. એટલે એમને 'માખણચોર' કહેવા છતાં માઠું ન જ લાગે તે સ્વાભાવિક છે. પુરીનું જગન્નાથ મંદિર વિશ્વનું સૌથી મોટું મંદિર છે. પરંતુ રથયાત્રા તો હવે પુરી કરતાં પણ અમદાવાદની ઓળખ બની ગઈ છે. પુરીમાં ત્યાંના રાજા સોનાની સાવરણીથી રથની સાફસૂફી કરે છે. ગુજરાતમાં આ પહિન્દ વિધિ મુખ્યમંત્રી કરતા આવ્યા છે. મુસલમાનભાઈઓ પણ હોંશે હોંશે નગરયાત્રાએ નીકળેલા ભગવાન જગન્નાથનું સ્વાગત કરતા હોય છે. અગાઉ થોડાંક વર્ષો દરમિયાન રથયાત્રાનો ઉત્સવ કોમી રમખાણોને લીધે સરકાર અને પ્રજા બેઉ માટે શિરોવેદના સમો બની રહ્યો હતો. તેથી ખૂબ સાવચેતી પૂર્વક રથયાત્રા સંપન્ન કરાવવા તંત્ર ખડે પગે રહેતું આવ્યું છે. છેલ્લાં ઘણાં વર્ષોથી ગુજરાતમાં રથયાત્રા નિમિત્તે કોઈ અઘટિત બનાવ નથી બન્યો તે માટે ગુજરાતની શાણી જનતાને જેટલાં અભિનંદન આપીએ એટલા ઓછા ગણાશે. ભગવાન જગન્નાથ ગુજરાતને અને દેશને શાંતિ અને સમૃદ્ધિથી છલોછલ રાખે એવી પ્રાર્થના...

ભૂખ્યાને ભોજન અને જાણીતા-અજાણ્યાને સલામ એ જ 'ઈસ્લામ'

પયગંબર સાહેબ મક્કાથી હિજરત કરી મદીના સ્થાયી થયા તે સંવતને હિજરી સંવત અને આ હિજરી સંવતનો અતિ પવિત્ર અને આત્મ અવલોકનનો નવમો મહિનો એટલે રમજાન. રહેમત (કૃપા), બરકત (સંપત્તિ) અને માફી એમ ત્રણ ખંડમાં વહેંચવામાં આવેલા આ રમજાન માસમાં મુસલમાનો શરીરની નહિ પણ રૂહાની (આત્મા સંબંધી) જરૂરિયાત માટે રોજા રાખે છે. રોજાને અરબીમાં સોમ એટલે કે રોકવું થાય છે. બંદાએ પોતાની જાતને કુકર્મ કરતા રોકવી, કામ, ક્રોધ, લોભ, મોહ, દ્વેષ, જેવા દુર્ભાવોથી બચાવવી. રોજા દરમિયાન પોતાની ઈચ્છાઓ, ભૂખ, તરસ બધું જ અલ્લાહને સમર્પિત કરી દેવામાં આવે છે. ભૂખ અને તરસનું મહત્વ સમજાતાં ભૂખ્યા - તરસ્યા લોકો પ્રત્યે હમદર્દી અને દયા પ્રગટે છે. ભુખ્યાને ભોજન અને જાણીતા-અજાણ્યાને સલામ કરવી તે ઈસ્લામની સૌથી મોટી ઓળખાણ છે. તેમાં લોકસેવાને જ મોટી ઈબાદત કિધી છે. ઈસ્લામની એક હદીસ (મહમદ પેગંબરનાં બોધવચન અને ફરમાનનો સંગ્રહ)માં રહેમ (કરુણા)નું વર્ણન કરવામાં આવ્યું છે જે સમગ્ર માનવજાત માટે લાગુ પડે છે :

'તમે જમીનવાળઓ ઉપર રહેમ કરો,
આસમાન વાળો તમારા પર રહેમ ફરમાવશે.'

ઈદ એટલે ઉજાણીનો દિવસ અને ફિત્ર એટલે રોજો ખોલવો. રમજાન માસના છેલ્લા દિવસે ઊજવાતો તહેવાર ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરવાની શરૂઆત આજથી ૧૩૯૧ વર્ષ પહેલાં ઈસ્લામના અનુયાયીઓએ કરી હતી. ઈદની ખુશી સાથે એકતા, શાંતિ, સમર્પણ, સમાનતા, ઈબાદત અને ખુદાની નેઅમતો (મહેરબાનીઓ) તરફ શુક્ર અદા કરવાની ભાવના પણ સંકળાયેલ છે.

ઈશ્વરને દરેક ધર્મમાં અલગ અલગ સ્વરૂપે સ્વીકાર્યો છે. ક્યારેક તે પ્રેમાળ પિતા તો ક્યારેક અદ્‌લ ન્યાયાધીશ છે. બૌધ્ધધર્મ અને કન્ફ્યુશિયસધર્મ ઈશ્વરમાં માનતા નથી પરંતુ તેમાં શીલ અને સદાચારને ઈશ્વર જેટલું જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેમ ઈસ્લામના વિચારો વાણી પવિત્ર રાખવી, અતિથિનો સત્કાર, ધીરજ ધરવી અને બીજાઓનું કલ્યાણ કરવાનું કહે છે. આપણે તેણે અંગ્રેજોની પેદાશ માનીએ છીએ તે 'મુસાફો' એટલે હસ્તધૂનન દ્વારા પેદા થતો પારસ્પરિક પ્રેમ, લાગણી અને તેનું મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ મહત્વ ઈસ્લામમાં સાડા ચારસો વર્ષ પહેલાં દર્શાવેલ છે. હજરત મહંમદ પયગમ્બરએ ફરમાવ્યુ છે કે 'ખુદાએ સૂચવેલા નૈતિક માર્ગે ચાલનાર દરેક વ્યક્તિ સંન્યાસી છે.' મુસલમાન એટલે 'જેણે પોતાની જાતને ઈશ્વરની ઈચ્છા ઉપર છોડી દીધી હોય તે.'. મુસ્લિમ ઈમાનમાં, નેકીમાં, ઈન્સાનિયતમાં, અમુક અપવાદો બાદ કરતાં એ ઉણો ઉતરતો નથી. એટલે જ દાદુ સાહેબે ધર્મના અસલી નૂરને વર્ણવતા કહ્યું છે :

આપા મેટૈ હરિ ભજે, તનમન તજૈ વિકાર;નિરબૈરી સબ જીવ સોં, દાદુ યહુ મત સાર,

("અહંકાર છોડવો, હરિભજન કરવું, તનમન વિકાર રહિત કરવાં, કોઈ પણ પ્રાણી સાથે વેરભાવ ન રાખવો, હે દાદુ! આ જ ધર્મનો સાર છે.")

જૈન ધર્મમાં મન અને ઇંન્દ્રિયો ઉપર કાબૂ મેળવવા માટે કેટલીક ક્રિયાઓ દરેક મનુષ્યે અવશ્ય કરવા જેવી હોવાથી 'આવશ્યક'ને નામે ઓળખાય છે. હિંદુ ધર્મમાં જેમ 'તપ-સેવા-સુમિરન', ગુરુ ગ્રંથ સાહેબમાં 'ઉપવાસ-દશબંધ-સિમરન' યહૂદી અને ખ્રિસ્તીઓમાં "ફાસ્ટિંગ-ચેરીટી-પ્રેયર'નું મહત્વ છે તેમ મુસ્લિમોમાં નમાજ-રોજા-જકાતનું મહત્વ છે. દરરોજ પાંચ વખત નમાજ પઢવાની સાથે સાથે ઉંમરલાયક વ્યક્તિ માટે નમાજ ફરજીયાત છે.

ઈસ્લામનો અર્થ શાંતિ, સલામતી, એકેશ્વરની ઉપાસના કરવી, 'માથું નમાવવું' એવો થાય છે. ઈસ્લામ ધર્મના બે મહત્વના અંગો 'દીન (ધર્મનું આચરણ)' અને 'ઈમાન (શ્રદ્ધા રાખવી- વિશ્વાસ પેદા કરવો.)'. દીન અને દુનિયા અલગ છે એવી માન્યતા આ ધર્મમાં નથી. પરમેશ્વર એક છે અને મનુષ્યમાત્ર સરખા છે- એ સાદું પણ મહાન સત્ય ઈસ્લામ ધર્મમાં છે. ઈશ્વરને ગીતામાં 'સર્વ લોકોનો માલીક' કહ્યો છે તેમ કુરાનમાં પણ 'રબ્બુલ આલમીન-સર્વ લોકોનો માલીક' કહેવાયો છે. ગીતા હિંદુસ્તાનનું કુરાન છે અને કુરાન અરબસ્તાનની ગીતા. કુરાન કદી કોઈને ભુલા ન પાડે- અવળે માર્ગેન લઈ જાય. જ્ઞાનદેવ, ટિળક, શ્રી અરવિંદ, વિનોબાજી જેમ ગીતા પર પ્રકાશ પાડ્યો છે તેમ અબુલકલામ પિકથોલ, મોહંમદ અલી, અલ્લામા યુસુફે કુરાઆનનાં ભાષાંતર અને વિનોબાજીનું 'કુરઆનસાર' ઈસ્લામને સમજવા ઉપયોગી છે.

ચાહત અને જિંદગી - ના મિલેગી દોબારા

અમેરિકાની આઝાદી માટે યોગદાન આપનાર પૈકી એક બેન્જામિન ફ્રેન્કલિન (૧૭૦૬-૧૭૯૦) જાણીતા લેખક, પ્રિન્ટર, વૈજ્ઞાનિક, સંશોધક, નેતા, રાજદ્વારી, સામાજિક ચળવળકર્તા હતા. પોસ્ટમાસ્ટર તરીકે પણ તેમણે નોકરી કરી હતી. તેમનું જાણીતું ક્વોટ છે કે "જ્યારે તમે કોઈને સ્વતંત્રતા આપો છો, તો એમાં સલામતી પણ આપોઆપ આવી જતી હોય છે. જ્યાં સલામતી નથી, ત્યાં સ્વતંત્રતા પણ નથી."

પ્રેમની આબોહવા પણ સ્વતંત્રતા માગતી હોય છે. એવી સ્વતંત્રતા કે જેમાં બે વ્યક્તિ વચ્ચે ઓગળી જવાની ભાવના વચ્ચે પણ પુરતી સ્પેસ પણ હોય અને કોઈ ગુંગળામણ ન અનુભવે. જ્યાં સ્વતંત્રતા આપવામાં આવી હોય ત્યાં આપોઆપ સલામતી પણ આવી જ જતી હોય છે. સ્વતંત્રતા હોય ત્યાં સલામતી પણ હોય. તમારી પ્રિય વ્યક્તિ તમને છુટા મૂકી દે અને કોઈ કાળજી જ ન લેવામાં આવે એટલી સ્વતંત્રતાની વાત નથી. એ જ પ્રમાણે કોઈ વ્યક્તિને સાવ ગુંગળામણ અનુભવાય એ પણ ઠીક નથી.

ચાહત અને જિંદગી - ના મિલેગી દોબારા. મળ્યું તેનો આનંદ માણવો, એ જ જીવનની સરળ ફિલોસોફી. તમારો જન્મ થયો ત્યારે પણ તમે એકલા હતા અને મૃત્યુ પણ તમારી સાથે બીજા કોઈને લઈ જવાની પરમિશન આપતું નથી. દુનિયા છોડીને એકલા જ જવું પડશે. જીવન અને મૃત્યુ વચ્ચેની સફર પ્રેમથી વીતે, પ્રેમમાં વીતે, એવું તો કોને ના ગમે? પણ, એવું બનતું નથી.

બેન્જામિન ફ્રેન્કલિનનું બીજું પણ એક ક્વોટ જાણીતું છે: "તમે મોડા પડી શકો છો, સમય નહીં." સમયની સાથે ચાલવાનું છે. સમય સાથે નહીં ચાલનાર પાછળ રહી જાય છે. જીવનનું સત્ય આ જ છે. સમય કોઈની રાહ જોતો નથી અને કોઈના માટે સમય રોકાતો પણ નથી. જો તમને પ્રેમ મળ્યો છે તો પામી લો. તમારા ચાહનારને તમે પણ ચાહો. ચાહત એ કોઈ કામનો પ્રકાર નથી કે આજનું કામ કાલે કરીશું. જિંદગી ના મિલેગી દોબારા.

આજની ફાસ્ટ લાઈફમાં ટાઈમ ખુદ એક મોટો પ્રોબ્લેમ છે. તમને તમારી લાઈફ તમારી મરજી મુજબ જીવવા માટે પણ ટાઈમ ક્યાં મળે છે? આજે કોઈની પાસે પ્રેમ માટે, પ્રેમથી જીવવા માટે સમય જ નથી. જિંદગી પાણીના વહેણની જેમ વહી જાય છે. જન્મથી વીસેક વર્ષ ભણવામાં વીતી જાય છે. એકવીસથી પચ્ચીસ વર્ષ નોકરી યા કરિઅરની ખોજમાં નીકળી જાય છે. પચ્ચીસની આસપાસ લગ્ન અને ઘરસંસાર. એ પછી સંતાનો અને ઘર-પરિવારની જવાબદારીઓનો બોજ. સંતાનોની ફી, ઘરનું ઘર અને ગમતા વાહનના હપતાઓમાં જિંદગી સમેટાઈ રહે છે.

સ્ત્રી હોય કે પુરુષ, સતત કામ, કામ અને કામ. એમાં પ્રેમનો તો વિચાર પણ ઊગતો નથી. એવામાં પિસ્તાળીસ વર્ષની ઉંમર સાથે સંતાનો પણ ભણી-ગણીને વીસ વર્ષના ઉંબરે આવી જાય છે. તમારી આંખે બેતાલાના ચશ્મા આવી ગયા હોય છે અને બ્લડ-સૂગર પ્રોબ્લેમનું સ્ટાર્ટ-અપ પણ ખરું. આ એ સમય હોય છે કે જ્યારે સંતાનોની પોતાની લાઈફ પણ સ્ટાર્ટ-અપ યા ટેક-ઓફ્ફ કરી ચુકી હોય છે. તમે પચાસ વર્ષના થાઓ ત્યારે સંતાન પચ્ચીસ વર્ષના હોય અને દીકરી હોય તો પરણાવીને સાસરે વળાવી હોય અને દીકરો ફોરેન અથવા બીજા શહેરમાં સેટલ્ડ થયો હોય, ત્યાંથી જ ફોન કરીને કહી દે કે "મેં લવ-મેરેજ કરી લીધા છે."

તમે પ્રેમ કરવાનો સમય ન કાઢી શક્યા અને હવે તમે સાહીઠ વર્ષના થાઓ છો ત્યારે ચાહો તો પણ ચાલી શકતા નથી. પગ અને ઢિંચણ કામ આપતા નથી. બેન્ક-બેલેન્સમાં તો એકડા ઉપર મીંડા વધતા જ રહ્યા, પણ જિંદગી હવે શૂન્ય બનવા માંડે છે. શૂન્યાવકાશ. ઘરની બહાર જઈ ન શકાય યા તો ઘર બહાર જવું ગમે નહીં, તો ઘરમાં પણ એકલા પડી જાઓ. સંતાનને મિલકત આપવાનું કહો ત્યારે એ કહેશે કે "તમે ડોનેશન કરી દો, મારે કશું જોઈતું નથી." આખરે તમને ખબર પડે કે પ્રેમ કરવાના સમયે તમે મિલકતો વસાવી અને કમાવવા ઉપર ધ્યાન આપ્યું તે કોના માટે? બસ, આ જ તો જીવનનું સત્ય છે. ટ્રુથ ઓફ લાઈફ. જિંદગી તમારી છે, તો તમારી મનપસંદ રીતે જીવી લો.

સ્ટોપર :

'ઉસે આઈલાઈનર પસંદ થા, મુજે કાજલ
વૉ ફ્રેંચ ટોસ્ટ ઔર કૉફી પે મરતી થી, ઔર મૈં અદરક કી ચાય પે
ઉસે નાઈટ કલબ પસંદ થે, મુજે રાત કી શાંત સડકેં
શાંત લોગ મરે હુએ લગતે થે હુએ, મુજે શાંત રહકર ઉસે સુનના પસંદ થા
લેખક બોરિંગ લગતે થે ઉસે, પર મુજે મિનટોં દેખા કરતી જબ મેં લિખતા
વો ન્યૂયોર્ક કે ટાઈમ્સ સ્કવાયર,
ઈસ્તાબુંલ કે ગ્રેંડ બાઝાર મેં શૉપિંગ કે સપને દેખતી થી,
મૈં અસમ કે ચાય કે બાગાનોં મેં ખોના ચાહતા થા
મસૂરી કે લાલ ડિબ્બે મેં બૈઠકર સૂરજ ડૂબતા દેખના ચાહતા થા
ઉસકી બાતોં મેં મહંગે શહર થે, ઔર મેરા તો પૂરા શહર હી વો
ન મૈંને ઉસે બદલના ચાહા ન ઉસને મુજે
એક અરસા હુઆ દોનો કો રિસ્તે સે આગે બઢે
કુછ દિન પહલે ઉનકે સાથ રહને વાલી એક સહેલી સે પતા ચલા,
વો અબ શાંત રહને લગી હૈ, લિખને લગી હૈ, મસૂરી ભી ઘૂમ આઈ,
લાલ ડિબ્બે પર અંધેરે તક બૈઠી રહી આધી રાત કો અચાનક સે ઉન કા
મન અબ ચાય પીને કો કરતા હૈ ઔર મૈં...
મૈં ભી અબ અક્સર કૉફી પી લેતા હૂં કિસી મહંગી જગહ બૈઠકર'

- ગુલઝાર

ઈબાદતની ઈદ...!! કુરાન, કલમા ને રોજાના રમઝાન મહિનામાં ઈફતાર...!!

'અરે, સલીમ આ રમઝાન મહિનો અને કંઈક વાત તો કર, અમને તો ખાલી એટલી જ ખબર છે કે તમે સુર્યોદયથી સૂર્યાસ્ત સુધી પાણી પણ નથી પીતાં અને રોજા રાખો છો, બસ એથી વિશેષ કંઈ નહીં...' શૈલેષ એના સ્કૂલી મિત્રને સહજતાથી પ્રશ્ન કર્યો.

'રમઝાન એટલે જિંદગીમાં સુખોની ક્ષણોની યાદ અપાવતો મહિનો, પવિત્ર અને પૂજાપાઠનો મહિનો. આ મહિમામાં અમારાં આખાંય મહોલ્લામાં આનંદનું વાતાવરણ. દરેક ઘરમાં ચહલ-પહલ વધી જાય છે. અમારી બાનુઓને તો ઘરમાં કામો વધી જાય છે. સવારે ત્રણ વાગે એમનો દિવસ શરૂ થઈ જાય છે. મધ્યરાત્રીએ 'તહજ્જુદ'ની નમાજ પછી મહિલા સહરીના કામે લાગે છે.' સલીમ વિગતવાર સમજાવતો હતો.

'અલ્યા, આ સહરી એટલે શું?' શૈલેષ ઉત્સુકતા બતાવી.

'સહરી એટલે રોજા ચાલુ કરતાં પહેલાનો નાસ્તો, અથવા જમણ. એના માટે આખી રસોઈ બનાવવામાં આવે. રસોઈ તૈયાર થયા બાદ ગાઢ નિંદ્રામાં પોઢેલા પરિવારના બિરાદરોને જગાડવાની જવાબદારી પણ આ મહિલાઓની. હું નાનો હતો ત્યારે સહરી કરવા માટે ફઝરની અઝાન થતી, અર્થાત ફઝરની અઝાન એટલે સહરી પુરી કરવાનો સમય એવું સમજવાનું.'

'એટલે આનું કોઈ પંચાગ કે ટાઈમ ટેબલ?'

'હવે તો રમઝાન મહિનાના ટાઈમ ટેબલના કાર્ડ અઠવાડિયા પહેલાં જ મસ્જિદ અથવા ખરીદી કરતી વખતે દુકાનદાર મફતમાં આપે છે. એમાં સહરી અને ઈફતારનો ટાઈમ આપ્યો હોય છે. યોગ્ય સમયે સહરી અને ઈફતાર થાય એના ચુસ્ત નિયમો છે.'

'એટલે અમારે પૂજાના મુહુર્ત હોય છે, એમજ ને? દોસ્ત, એક વાત જરા વિચિત્ર લાગે છે, ગાઢ નિંદ્રામાંથી ઉઠીને સીધું જમવાનું? કેવી રીતે ફાવે છે?'

'સહરી માટે બધાંને વહેલું ઉઠવું જ પડે છે, ધારે કે ઊંઘ જલદી ઉઘડે નહીં અને સહરીનો સમય પતી જાય તો પછી ભૂખ્યા પેટે જ રોજો રાખવો પડે છે. એટલે વહેલા ઊઠીને સહરી કરવી ફરજીયાત છે, અમારું શરીર એ માટે ટેવાયેલું છે.'

'બીજું શું કરો છો? એટલે પૂજાપાઠ કે મંત્રોચ્ચાર?'

'રમઝાન મહિનામાં કુરાનનું અધ્યયન કરવું એવો વણલિખિત નિયમ છે. આખા મહિનામાં સામાન્ય રીતે ત્રણથી ચાર વખત કુરાન વંચાય છે અને દરરોજ પાંચ વખત નમાજ પણ અદા થાય છે. આને ઈબાદત કહેવાય છે. નાનપણમાં મિત્રોમાં તો ચડસાચડસી રહેતી કે કોઈ વધુમાં વધુ ઈબાદત કરે છે? આજે પણ ઘણા યુવાનો આવું કરતા દેખાય છે. અને આને કારણે એક સારાં સંસ્કારનું ઘડતર થાય છે.' સલીમ વાતમાં ઓતપ્રોત હતો.

> કાંઈ અફસોસ નહીં, કાંઈ નહી ફિકર,
> કોઈ ચીજ તણી નહીં, જિંદગીમાં જિકર.
> આવે ને જાય એના વેઠવા શા બોજા?
> કો'ક દિન ઈદ અને કો'ક દિન રોજા!
> - મકરંદ દવે

'આ ઈફતાર પડે એટલે ઈફતારની તૈયારી શરુ થાય. ઈફતારમાં કાચી ખજૂરનું બહુ મહત્ત્વ હોય છે. આખા દિવસનો રોજા ગળ્યું ખાઈને પછી ઈફતાર કરવાનો હોય છે. એક ખજૂર અને બે ઘૂંટડા પાણી પીધાં બાદ જ કંઈક ખાવાનું એવો ઈફતારનો બેઝીક નિયમ છે. બાકી એમને એમ તૂટી પડવાથી અપચો થાય, એમ જ ખાલી પેટે વધારે પાણી પીવાથી ઉબકા આવે અથવા ઊલટીઓ પણ થાય. ઈફતાર બાદ એકાદ કલાકે વ્યવસ્થિત જમવાનું હોય છે.'

'રિઅલી વેરી ઈન્ટરેસ્ટીંગ, ઘણું જાણવા મળ્યું દોસ્ત.'

'રાત્રે 'તરાવીહ' એટલે વિશેષ મનાજ થાય છે. આ નમાજમાં કુરાનના બે થી ત્રણ કલમાનું પઠન કરાય છે. એટલે આ નમાજ એકાદ ચાલે છે. ત્રીસ દિવસના કુરાન પઠનથી બધાંનાં ઘરનું વાતાવરણ પવિત્ર થઈ જાય છે.'

'એટલે અમારા શ્રાવણ મહિના જેવું, ખરું ને?'

'આ મહિનામાં સૌના ઘરના ઈલેકટ્રોનિક ઉપકરણો બંધ રખાય છે. રમઝાન પહેલાં જ આમ તો અમારા દિવાળી જેવી સાફસૂફી અને કલરકામ કરીને ઘર સજાવાય છે. આ મહિનામાં ઘર ખર્ચ માટે ખિસ્સુ હલકું કરવામાં આવે છે. આ સમયગાળામાં ખાતીરદારી અને મહેમાન નવાજીનું મહત્ત્વ છે. રમઝાનમાં જમાડવું એ પુણ્યનું કામ કહેવાય છે. રોજા રાખનારાને ઈફતાર કરાવવું એ મોટું પુણ્ય સમજાય છે.'

'હા, યાર ઈફતાર પાર્ટીનું સમાચારમાં ઘણું સાંભળવા મળે છે,'

'આખો મહિનો ઈફતાર પાર્ટી ચાલે છે. ફાઈવસ્ટાર હોટેલથી લઈ ટુરિસ્ટ હબ પર ઈફતાર પાર્ટી આપવાનો નવો ટ્રેન્ડ ચાલ્યો છે. અનેક લોકોના ઘરમાં પણ ઈફતારની મોટી પંગતો લાગેછે. આખો મહિનો મોહલ્લામાંથી મસ્જિદમાં રોજા રાખનારને સુંદર પકવાન સહિતના મોટા થાળ મોકલવામાં આવે છે. આ ઈફતારમાં બિન મુસ્લિમ બાંધવો પણ એટલી જ ખુશીથી જોડાય છે.'

'તમે ભૂખ્યાં ને તરસ્યા આખો દિવસ કેવી રીતે રહી શકો છો?'

'રમઝાન એ કેવળ ભૂખ્યા રહેવાની વાત નથી, આત્મશુદ્ધિનો મહિમા છે. તમારી નફસ એટલે કે ઉછાળા મારતી ઈચ્છાશક્તિ પર વિજય મેળવવાની વાત છે. રોજા રાખીને માત્ર ભૂખ્યા રહીં ઊંઘવું કે આરામ કરવા પર મનાઈ છે. રોજા રાખ્યા બાદ પણ રોજના કામ ધંધા ચાલુ જ રાખવા એવો નિયમ છે. રમઝાનનાં છેલ્લા અઠવાડિયામાં બહારગામ વસતા બિરાદરો પોતાના વતન પાછા આવે છે. અને પછી સેલિબ્રેશન કરે છે.'

'થોડુંક જરા નૉનવેજ ફુડની માહિતી?'

'અમારા વેજ-નૉનવેજ બંનેમાં જલ્સા હોય છે, ઘણી સેલિબ્રીટી ખાસ ઈફતાર પાર્ટી કરે છે. દિલ્હી, હૈદરાબાદ, ઔરંગાબાદ, ભોપાલ, લખનઉ, મુંબઈ, મૈસુર, આ શહેરો રમઝાનની વિશિષ્ટ ડિશ માટે ફેમશ છે. ઔરંગાબાદના ફાલુદા, મુંબઈના માલપુઆ, દિલ્હીના પરાઠા... ચાંદની ચોક, મહંમદઅલી રોડ, બુઢ્ઢીલેન, ચારમિનાર, ભઠીયાર ગલ્લી આ બધી જગ્યાઓ નોનવેજ માટે ફેમસ છે, ઈફતારની પાર્ટી અને મિજબાનીમાં કેટલાય ટેસ્ટ કરવા મળે છે?'

'અને ઈદનું શું? અમારી દિવાળી જેવી જ ને?'

'ઈદના આગલે દિવસે ચાંદ દેખાય એટલે ઈદ ઉજવાય છે. ઈદમાં નવાં કપડાં પહેરવા શુભ મનાય છે. પઠાણી, શેરવાણી, કુર્તા-પાયજામા એમાં જરી કે ભરતકામ, ઝાકળઝોળ એ ખાસ જોવાય છે. બધાં ભેગા થઈ એકબીજાને શુભેચ્છાઓ પાઠવે છે. સેવૈયા ખવાય છે. આમ તમારા અને અમારા તહેવારમાં ખાસ્સી સામ્યતા છે. ઈદ મુબારક દોસ્ત, ઈદ પર ઘરે આવજે!'

'ઈદ મુબારક' બંને દોસ્તો ગળે ભેટી પડ્યા.

ચૂંટલો : Ramazan માં Ram અને Diwali માં Ali છે, તો આપણે ક્યાં અલગ છીએ? કયારેક ઢગલાબંધ કચરા મેસેજ વચ્ચે ઈન્સાનિયતને જોડતાં કોમી એખલાસના પોઝીટીવ મેસેજ દિવાળી-ઈદને ઝગારા મારતી કરી દે છે.

જગન્નાથની રથયાત્રા અને બીજો ઈદનો તહેવાર છે, તેથી તને છોડવવાં વિલંબ થવાનો...

આકાશ વાદળોથી છવાયેલું છે. ઝરમર વરસાદ જળબિંદુઓની સાથે દૂર ક્યાંક બપૈયાનો સ્વર અને વનરાજીમાં મોરલાનાં મેઆવ... મેઆવ... ના ટહુકાર સંભળાયછે. નેવા ના ટપકતાં પાણીનું ક્યારેક છમ...છમ.. તો ક્યારેક ટપ..ટપ... સંગીત સંભળાય છે. જે મારા માથા પર હથોળાનો પ્રહાર કરતું હોય એવું અનુભવાય છે. આષાઢી જળસિતરો નો આટલો નિષ્ઠુર આભાસ મને મારા પંદર વરસના જીવનમાં પહેલાં કયારેક થયો નથી. આ ઋતુ તો હંમેશા મને બહુ ગમતી. રૂપાલી ચ્હા સેન્ટર પર કામ કરવું, વરસાદની ઝડી વચ્ચે આખો દિવસ ગરમ ચ્હા, કચોરી, સમોસાની સુગંધ. અહા... વિચાર કરતા મોજ આવી જાય છે. વરસાદી મૌસમમાં ઘરાકી પણ ખુબ વધી જતી. તેથી આખો દિવસ કડાઈ અને તપેલી ચડેલી જ રહેતી. ખુશ થઈને માલિક મને વધારાના પગારની સાથે કચોરી પણ રાજી થઈને આપતા. હું પણ ખુશ થતો વરસાદમાં પલળતાં પલળતાં તેમનું બધું કામ કરી આપતો.

પણ આજે આ વરસાદ આંખની વહેતાં આંસુના પુર સમી પ્રતિત થાય છે. એમ લાગે છે કે જાણે મેઘ પણ મારી તકલીફ અનુભવીને રૂદન કરી રહ્યો છે. હું બસ એમ જ ઓરડીની દિવાલને માથું ટેકવી ને બેઠો હતો. કયાંક કોઈ આશાનું કિરણ દેખાતું ન હતું. છતાં જરા સરખો ખખડાટ થતાં ચહેરો એકદમ ખીલી ઊઠતો. કદાચ મારા પર ઉપરવાળો મહેરબાન થઈ જાય.

થોડી વાર પછી કોઈ સમાજસેવા સંગઠનના બીજા થોડા લોકો આવ્યા. તેમાં સ્ત્રીઓ સાથે ૧૦-૧૫ પુરુષો પણ હતા. બધાંએ અમને મીઠાઈ વહેંચી. મીઠાઈ વહેંચતા ફોટા પડાવ્યા, ભાષણ આપ્યા. તેમાં ગ્રે કલરનો સૂટ પહેરેલા સાહેબની વાતોમાં તો એવી મીઠાશ હતી કે મીઠાઈની મીઠાશ તેની પાસે ફીક્કી લાગે. મેં હિંમત કરીને તેને વાત કરવાની કોશિશ કરી તો એ બોલ્યા. 'હાં... હા... બોલ અમે તમારા દુ:ખમાં સહભાગી થવા જ અહીં આવ્યા છીએ.' તેમના શબ્દોએ મારી હિંમતને જોમ આપ્યું.

પરંતુ એ પછી ઘણા દિવસો વીતી ગયા. હવે મારો વિશ્વાસ ડગવા લાગ્યો. તેવામાં... અચાનક મારા ખભા પર મેં કોઈનો સ્પર્શ અનુભવ્યો. મેં બંધ આંખે સુનિતા મેમને જોયા. આંખો ખોલવાનું સાહન ન થયું. હે! ભગવાન એ સુનિતા મેમ હોય અને મારી આંખ ખુલતાં જ એ સ્વપ્નશીલ સ્પર્શની અનુભૂતિ છટકી જાય. હું એમ જ ચૂપચાપ બેસી રહ્યો. મેમ મારો ખભો હલાવી નાંખતા બોલ્યા કલ્પેશ... ચાંદીની ઘંટડીનો સુમધુર સ્વર મારા આખા શરીરમાં તરંગીત થતાં હું ઊછળીને ઊભો થઈ ગયો. મારી સામે ખરેખર સુનિયા મેમ ઊભા હતાં.

બીજી જ પળે તેમને વળગી હું રોઈ પડ્યો.

તેવામાં સંતરીએ બુમ પાડી અને ભાગતો મારી તરફ આવ્યો. 'છોડ મેડમને, સાલ્લા... અલગ થવા જતાં મેડમે મને પુન: જોરથી ભીંચી લીધો અને સંતરીને કહ્યું, 'અરે... આને તો મેં બાથમાં લીધો છે.'

ના.. ના.. મેડમ તમને ખબર નથી. આ હરામ... અને ગંદીગાળ તેના મોં પર આવી પણ મેડમનું વ્યક્તિત્વ જોતાં હોઠ પર અટકી ગઈ. મેડમે આદેશાત્મક સ્વરે સંતરીને કહ્યું તમે જાવ, તમારું કામ કરો. આ છોકરાને હું સાચવું છું.

પછી મેડમે, તેમની નજીક પડેલી ખુરશી તે મારી પાસે સરકાવી તેના પર બેસી ગયો. મને